ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૯ ટકા
ગાંધીનગર તાપમાન

## ૧૫ લાખના બાઈકે રાઈડરને મોતને ઘાટ ઉતાર્યો...!

# મોંઘીદાટ ડુકાટી ગાય સાથે ટકરાતા ગમખ્વાર અકસ્માત

## હેલ્મેટ પહેરીને જતાં રાઈડર અને ગાય બંને મોતને ભેટયા : અમદાવાદમાં રોડ સેફ્ટી રાઈડ પતાવીને ગાંધીનગર આવી રહ્યા હતા ત્યારે સુઘડ કેનાલ પાસે અકસ્માત સર્જાયો : બાઈકનો સ્પીડ કાંટો ૧૦૦ ઉપર ચોંટી ગયો...!

### ઘ-૬ સર્કલ પાસે મહિલા આઈએએસ અધિકારીની કારે બાઈકને ટક્કર મારી

શહેરના ગ-૬ સર્કલથી ઘ-૬ સર્કલ તરફ જતા માર્ગ પર આજે સવારે એક સરકારી ઈનોવા કારે વળાંક પાસે પલ્સર બાઈકને ટક્કર મારી દેતા અકસ્માત સર્જાયો હતો. પલ્સર બાઈક ઈનોવા નીચે ફસાઈ ગયું હતું અને બાઈક ચાલક યુવાન સામાન્ય ઘાયલ થયો હતો. અને બાઈકના નુકશાન અને યુવાનને ઈજાની સારવાર માટે વળતરની માંગણી કરાઈ ત્યારે ખબર પડી કે આ ઈનોવા એક મહિલા આઈએએસ અધિકારીની સરકારી ગાડી છે. ડ્રાઈવરના જણાવ્યા મુજબ આ ગાડી અધિકારી સુનૈના તોમરની છે અને ડ્રાઈવર આ ગાડી લઈને નીકળ્યો હતો. જો કે આ મામલે પણ મોડી સાંજ સુધી ફરિયાદ નોંધાઈ ન હતી.






બે દિવસમાં ગાંધીનગર આસપાસ સંખ્યાબંધ માર્ગ અકસ્માતોની ઘટના બની હતી. જેમાં એક વિચિત્ર અકસ્માત કોબા-ઈન્દિરાનગર હાઈવે પર જર્મન પેલેસ હોટલ સામે સર્જાયો હતો. બેફામ ગતિએ જતી બલેનો કારને અકસ્માત સર્જાતા ઉછળીને આખી કાર ઉંધા માથે થઈ જવા પામી હતી. જો કે સદભાગ્યે આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

ગાંધીનગર, તા.૨૭

મોંઘીદાટ બાઈક ડુકાટી શૉ રૂમ દ્વારા ગઈ કાલે રીપલ્બીક ડે પર અમદાવાદમાં રોડ સેફ્ટીના મેસેજ સાથે સીટી રાઈડનું આયોજન કરાયું હતું. સીટી રાઈડ સંપન્ન થયા બાદ શૉ રૂમમાં આસી. સેલ્સ મેનેજર તથા અન્ય મિત્રો ડુકાટી બાઈકો લઈને ગાંધીનગર તરફ આવી રહ્યા હતા. બાઈકના ધડબડાટી અવાજ વિસતથી કોબા રોડ તરફ ગુંજી રહ્યા હતા. સુઘડ કેનાલનો પુલ ઉતરતા જ બાઈક આડે અચાનક ગાય આવી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ગાય અને રાઈડર બંને ૪૦ ફુટ સુધી રસ્તા પર ઢસડાઈને મોતને ભેટયા હતા. ચર્ચા એવી પણ હતી કે બાઈકના ધડબડાટી અવાજ શરૂ થતા ગાયો ઘોંઘાટને કારણે આમથી તેમ દોડાદોડ કરવા લાગી હતી અને તે પૈકી એક ગાય રોડ વચ્ચે આવી જતા આ અકસ્માત સર્જાયો હતો. એટલે કે ૧૫ લાખની બાઈકે રાઈડરને મોતને ઘાટ ઉતાર્યો હોય તેવી ચર્ચા ચાલી હતી. જો કે અડાલજ પોલિસે આ મામલ ગુનો નોંધી તપાસ શરુ કરી છે.



મળતી માહિતી મુજબ અમદાવાદના મકતુપુર ખાતે સરદાર સ્મૃતિ એપાર્ટમેન્ટમાં રહેતા ૩૨ વર્ષીય મોઈન નજરહુસૈન શૈખ અમદાવાદ થલતેજ સ્થિત ડુકાટી શૉ રૂમમાં આસી. સેલ્સ મેનેજર તરીકે નોકરી કરતો હતો. છ-સાત મહિના પહેલા જ તેના લગ્ન થયા હતા. રીપબ્લીક ડે પર કંપની દ્વારા અમદાવાદમાં રોડ સેફ્ટી રાઈડ (સીટી રાઈડ)નું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે આઠ થી દસ સુધીની આ રોડ સેફ્ટી સીટી રાઈડ પુર્ણ થયા બાદ ૧૦ જેટલી ડુકાટી બાઈક લઈને નીકળેલા રાઈડર્સ છુટા પડયા હતા. જે પૈકી બે ત્રણ રાઈડર્સ ગાંધીનગર તરફ આવવા વિસતથી કોબા રોડ તરફ આવી રહ્યા હતા. આ બે ત્રણ રાઈડર્સમાં મોઈન શેખ પણ હતા. સુઘડ પુલ ક્રોસ કર્યો ને અચાનક રસ્તા વચ્ચે ગાય આવી ગઈ હતી. બાઈક ૧૦૦ થી ૧૩૦ની સ્પીડે હશે કેમ કે શોર્ટ બ્રેક લગાવી તો પણ રાઈડર મોઈન અને ગાય બંને ૪૦ ફુટ જેટલા રોડ પર ઢસડાયા હતા. આ અકસ્માતમાં રાઈડરનું હેલ્મેટ પણ ફાટી ગયું અને ગાય તથા રાઈડર મોઈન શેખ બંનેનું સ્પોટ ડેથ થઈ ગયું હતું. પોલિસ અને અન્ય રાઈડર્સ સ્થળ પર આવી પહોંચ્યા પરંતુ મોઈન શેખનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. મોઈન શેખ ગાંધીનગર તરફ કેમ આવી રહ્યા હતા તે કોઈને ખબર ન હતી. બાઈક અથડાઈને પડયું અત્રે તેનો સ્પીડ કાંટો પણ ૧૦૦ ઉપર ચોંટી ગયો હતો. પોલિસે ગુનો દાખલ કરી રાઈડરનો મૃતદેહ પી.એમ. કરાવી એફએસએલને પણ બોલાવી લીધી હતી. રાહદારીઓમાં ચર્ચા હતી કે આ બાઈકના અવાજથી ગાયો દોડાદોડ કરવા લાગી હતી અને તેમાંથી એક ગાય રસ્તા વચ્ચે આવી ચઢી અને આ ગંભીર અકસ્માત સર્જાયો હતો. જો કે આ બાબત ઉપર પણ પોલિસે તપાસ શરુ કરી છે.

### સે-૭ની શોપીંગમાં નવી નક્કોર કાર એક બાઈક સાથે એક દુકાનની અંદર ઘુસી ગઈ...!






શહેરની સેટર-૭ ખાતે સ્થિત મુખ્ય શોપીંગ સેન્ટરમાં ગઈ કાલે બપોરે એક વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. એક નવી નક્કોર આઈ-૧૦ ગ્રાન્ડ કાર શોપીંગમાં આવી હતી અને અચાનક ફુલ સ્પીડ થઈ જતા પાર્કીંગમાં પડેલા એક બાઈક સાથે ટકરાઈને રત્નદીપ સ્ટોર્સની બાજુની દુકાન ભાગ્યોદય ટેલર્સમાં ઘુસી ઘઈ હતી. બાઈક અને કાર દુકાનનું ફર્નિચર તોડીને અંદર ઘુસી જતા ચકચાર મચી ગઈ હતી. ક્રેઈન બોલાવીને દુકાનમાંથી બાઈક અને કાર બહાર કાઢવામાં આવી હતી. સમાધાન થઈ જતા, આ મામલે પણ ફરિયાદ નોંધાવા પામી ન હતી.

# શહેરની શાળાઓમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરની શૈક્ષણિક સંસ્થાઓમાં ૬૯માં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી. જેમાં ધ્વજવંદન સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો, અંગ-કસરતના પ્રયોગો, રંગોળી સ્પર્ધા જેવા વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. વિવિધ શાળાઓમાંથી પ્રાપ્ત અહેવાલ અત્રે પ્રસ્તુત કરીએ છીએ.

● **માઉન્ટ કાર્મેલ**

માઉન્ટ કાર્મેલ શાળામાં મેનેજર સિસ્ટર વેરોનિકા ફર્નાન્ડિઝ એ.સી. તથા શિક્ષિકા ભાવના મેકવાનના હસ્તે પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિત ગીત, નૃત્ય, ટાઈકવોંડો અને શેરી નાટક રજૂ કરવામાં આવ્યા. શાળાની વિદ્યાર્થીની આસ્થા યાદવે દેશભકિત તથા વિશ્વબંધુત્વની ભાવનાને ઉજાગર કરી હતી.




● **ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી**

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે.એસ. લિખિયાના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. યુનિવર્સિટીના સંગીતવૃંદ દ્વારા રાષ્ટ્રભકિતને લગતા ગીત તેમજ આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. રૂપમ ઉપાધ્યાય દ્વારા વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. કુલપતિએ પ્રસંગોચિત ઉદબોધનમાં જણાવ્યું હતું કે 'રાષ્ટ્ર માટે મરવું શ્રેષ્ઠ છે, પરંતુ રાષ્ટ્ર માટે જીવવું તે પણ એટલું જ શ્રેષ્ઠ છે.'



● **ચિલોડા પ્રાથમિક શાળા**



ચિલોડા પ્રાથમિક શાળાના પટાંગણમાં ગ્રામપંચાયતના સરપંચ વસુમતી પટેલના અધ્યક્ષસ્થાને ગામની સુશિક્ષિત દિકરી પુજા ઠાકોરના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા હતા અને તેજસ્વી બાળકોને ઈનામ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત વર્ષ ૨૦૧૭-૧૮માં જન્મેલી ૪૦ દિકરીઓની માતાઓને સન્માનવામાં આવી હતી.

● **પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ**

પી.કે. ચૌધરી કોલેજમાં પ્રજાસત્તાક દિન નિમિત્તે દેશભકિત નૃત્ય અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રથમ ૩ ક્રમાંક મેળવેલ વિદ્યાર્થીનીઓને ટ્રસ્ટી મંડળ દ્વારા ઈનામ આપવામાં આવ્યા હતા.



● **એમ.બી. પટેલ વિદ્યાલય, વાવોલ**

એમ.બી. પટેલ શાળાના શિક્ષક એન.એસ. ચૌધરી દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રસ્ટીઓ તથા ગ્રામજનો જોડાયા હતા. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ડાન્સ, લોકગીત, દેશભકિત ગીત, તલવારબાજી, નૃત્ય-માઈમ વગેરે રજુ કરવામાં આવ્યા હતા . વિદ્યાર્થીઓને આ પ્રવૃત્તિ બદલ રોકડ ઈનામોથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



● **સ્કૂલ ઓફ એચિવર-કુડાસણ**

પ્રજાસત્તાક દિને સ્કૂલ ઓફ એચિવરમાં ઉપસ્થિત રહેલા ૪૫૦ કરતાં પણ વધુ વાલીગણમાંથી ડ્રો દ્વારા ચીફ ગેસ્ટ અને ગેસ્ટ ઓફ ઓનરની પસંદગી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા ડાન્સ, કાવ્યપઠન તેમજ વકતૃત્વ રજુ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત પેરેન્ટસ સ્પોર્ટસ ડેનું પણ આયોજન કરાયું હતું.



● **સુરેલા પ્રાથમિક શાળા-પેથાપુર**

સુરેલા પ્રાથમિક શાળા ખાતે 'બેટી બચાવો, બેટી પઢાઓ' અને 'દીકરીની સલામ, દેશ કે નામ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગામની ઉચ્ચ અભ્યાસ કરેલી દિકરી સુમન અને પાયલનું અતિથિ તરીકે સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના નાના ભૂલકાંઓ દ્વારા સુંદર કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો

● **સરસ્વતી વિદ્યામંદિર**

શ્રી વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણ કેન્દ્ર સંચાલિત શ્રી સરસ્વતી વિદ્યામદિરમાં મુખ્ય મહેમાન ચંદ્રકાન્ત રાવલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ દેશભકિતના ગીતો પર અભિનયની પ્રસ્તુતિ કરી હતી.

● **સરકારી પ્રાથમિક શાળા-ફતેપુરા, સે-૧૫**

સરકારી પ્રાથમિક શાળા ફતેપુરા ખાતે સર્વધર્મ પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. 'દિકરીને સલામ, દેશને નામ' કાર્યક્રમ અંતર્ગત ભૂતપૂર્વ વિદ્યાર્થીની તુલસી દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લીઓ કલબ ઓફ ગાંધીનગર દ્વારા બાળકોને શૈક્ષણિક કીટ તથા નાસ્તો આપવામાં આવ્યો હતો.

● **રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ**

સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં સંસ્થાના પ્રમુખ પી.એમ. વામજાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા દેશભકિત ગીત આધારિત નૃત્ય, લેઝીમ દાવ, ડંબેલ્સ દાવ, યોગાસનો, પિરામીડ વગેરે કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. પ્રમુખ દ્વારા આપણી વૈદિક સંસ્કૃતિ પરંપરાને જાળવી રાખવાની અપીલ કરવામાં આવી. વર્ષ ૨૦૧૬-૧૭ના તેજસ્વી તારલાઓને રૂ. ૨૧૦૦૦ના ચેકનું વિતરણ કરવામાં આવ્યું તેમજ વાર્ષિક રમતોત્સવના વિજેતા હાઉસ તથા વિદ્યાર્થીઓને ટ્રોફી, મેડલ અને સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.




● **સરકારી પ્રાથમિક શાળા, સે-૨૦**

સરકારી પ્રાથમિક શાળા નં. ૨ ખાતે પારૂલ એસ. ફાઉન્ડેશન દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. ફિલ્મ કલાકાર હસમુખ મેકવાનના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રાર્થનાગીત, નૃત્યગીત, પાણી બચીવો, વૃક્ષારોપણ, સ્વચ્છતા, બેટી બચાવો તેમજ જીવરામ ભટ્ટ વિશેનું નાટક વગેરે રજૂ કરવામાં આવ્યું હતું. પારૂલ એસ. ફાઉન્ડેશન દ્વારા ભાગ લીધેલા તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.



● **સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ, સે-૨૪**

સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલમાં પ્રજાસત્તાક દિન નિમિત્તે મુખ્ય મહેમાન તરીકે કોર્પોરેટર નાઝા ઘાંઘર ઉપસ્થિત રહ્યા હતા. જેમાં નેહરૂ યુવા કેન્દ્રના રજની સુથાર દ્વારા રમતોત્સવના વિજેતા ખેલાડીને ઈનામો આપવાં આવ્યા હતા. કાર્યક્રમમાં 'બેટી બચાવો, બેટી પઢાઓ' નાટક રજૂ થયું હતું. ઉપરાંત વોર્ડ ૪ એટલે કે સી-૨૩, ૨૪, ૨૫ની વિશેષ ૫૦ પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વિશ્વ ગુજરાતી પરિષદના સૌજન્યથી ગાંધીનગરને સેવાકીય પ્રવૃત્તિઓ થકી ગૌરવ અપાવનાર વિવિધ ક્ષેત્રોના મહાનુભાવોને 'સ્વામી વિવેકાનંદ ગાંધીનગર ગૌરવ સન્માન'થી નવાજવામાં આવ્યા હતા. ગુજરાત સરકારના પૂર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલના હસ્તે વિજ્ઞાનને લોકભોગ્ય બનાવવા કરેલા કાર્યો માટે અનિલભાઈ પટેલને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિશ્વ ગુજરાતી પરિષદના પ્રમુખ સંજીવ મહેતાએ સૌને પ્રોત્સાહિત કર્યા હતા.



● **મહર્ષિ અત્રિ તપોવન, પીપળજ**

મહર્ષિ અત્રિ તપોવન પીપળજ મુકામે પ્રજાસત્તાક દિન નિમિત્તે શાળાના વાલી હીરા કચોટ દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. શાળાના બાળકોએ દેશભકિતના ગીતો તેમજ નાટકો રજૂ કર્યા હતા. શાળાના ટ્રસ્ટી ભરત ઝૂંમર દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

● **સરકારી પ્રાથમિક શાળા, સે-૧૬**

સરકારી પ્રાથમિક શાળા સેકટર-૧૬ ખાતે પ્રજાસત્તાક દિન નિમિત્તે શહેરની સૌથીવધુ શક્ષિત દિકરી તેમજ આ શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની દિવ્યા મેસરવાલાના હસ્તે ધ્વજવંદન વિધિ કરવામાં આવી હતી. દિવ્યાના માતા-પિતાને મહેમાનોના હસ્તે પ્રમાણપત્ર અને મોમેન્ટો આપીને સન્માનવામાં આવ્યા હતા. આ ઉજવણીમાં સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા, હેપ્પી યુથ કલબના વિજયસિંહ માજીરાણા, ગાંધીનગર વેપારી મંડળના સભ્યો, એસએમસીના અધ્યક્ષ, અન્ય સભ્યો તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

